## ભાદરામ ગામે નિર્માણાધિન રોડમાં થતા ભ્રષ્ટાચાર ડામવા રજૂઆત

ધાનેરા, તા. ૮

ધાનેરાના ભાદરામ ગામે બની રહેલા સી.સી. રોડમાં હલકી ગુણવત્તાવાળુ મટીરીયલ તેમજ પ્લાનમાં બતાવ્યા મુજબ મટીરીયલ ન વપરાશા ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે. અને આ સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

ભાદરામ ગામે પંચાયત દ્વારા સી.સી. રોડ તથા ગટરલાઈનનું કામકાજ ચાલુ છે. પરંતુ આ કામકાજમાં પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે મટરીયલ ન વપરાતા આ કામ બંધ કરાવવા માટે પંચાયતના સભ્યો તથા ગ્રામજનો દ્વારા સરપંચને રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં સરપંચે આ રજૂઆતોને ધ્યાને ન લઈ કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી રોડ તથા ગટરનું કામકાજ રાત્રીના સમયે ચાલુ રાખીને કામ પુરૂ કરવાની તજવીજ હાથ ધરાતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને ભ્રષ્ટાચાર ડામવા માટે લેખિતમાં તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરવામાં આવી હતી અને તાત્કાલિક આ મામલે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# મોડાસાના બજારોમાં માનવ મહેરામણ ઉમટતા બજારો જીવંત બન્યા

મોડાસા, તા.૮

દિવાળી પર્વનો મંગળ પ્રારંભ શનિવારે આસો વદ એકાદશીથી થયા બાદ આજે અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરના બજારોમાં ભારે માનવ મહેરામણ ઉમટયું હતું. દિવાળી પર્વના અનુસંધાને બજારો જીવંત બનતા શહેરના માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો જોવા મળતા હતા. જિલ્લાના પ્રજાજનો મોડાસા શહેરના બજારોમાં ઉમટી પડતાં શહેરના દુકાનદારો શો-રૂમમાલિકો, જવેલર્સ સહિત ફેરીયાઓએ ઘરાકી થતા મંદીના માહોલમાં તેજીનો અહેસાસ થતા આનંદ છવાયો હતો. રવિવારે શહેરના તમામ દુકાનદારોએ દુકાનો અને શો-રૂમ દિવાળી પર્વના તહેવારમાં ખુલ્લા રહેતા બજારો જીવંત બન્યા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં દિવાળી પર્વ હોવા છતાં અત્યાર સુધી મંદીનો માહોલ જોવા મળ્યો હતો અને મોડાસાના વેપારીઓને દિવાળીની આવક શરૂ ન થતાં ચિંતાની લહેર ફેલાઈ હતી અને વેપારીઓનો માલ-સ્ટોક તેમજ બજારોમાંથી ગ્રાહકો અદશ્ય હોવાથી લાખો રૂપિયાનાં વેપારમાં નુકશાન થવાનો ભય સેવાઈ રહ્યો હતો. પરંતુ દિવાળીના તહેવારને આડે ફકત ત્રણ જ દિવસ બાકી હોવાથી આજે મોડાસા શહેરના બજારો ગ્રાહકોથી છલકાઈ ગયા હતા. મોડાસા શહેરમાં આવેલ કપડાના શો-રૂમ, જવેલર્સ, ફટાકડાના વેપારીઓ, શહેરના ઈલેકટ્રીકના શો રૂમ અને મુખ્ય માર્ગો પર રહેલા ફેરીયાઓ ત્યાં ખુબજ મોટી સંખ્યામાં પ્રજજાનો ખરીદી કરતા નજરે ચડતા હતા.

દિવાળી પર્વ એ હિન્દુઓનો ખુબ જ મહત્વનો તહેવાર હોવાથી તેમજ હિન્દુ ધર્મ પ્રમાણે વર્ષનો છેલ્લો દિવસ હોવાથી આ દિવાળી પર્વને વર્ષના છેલ્લા દિવસને ખૂબ જ ધામધૂમ પૂર્વક મનાવી નવા વર્ષનું આગમન કરવા માટે નવા કપડા પહેરી, રહેણાંકોને રોશનીથી શણગારી નવા વર્ષને વધાવવા ખૂબ જ આતુરતા પૂર્વક રાહ જોવાની સાથે ખરીદી કરતા લોકો નજરે ચડતા હતા.




## જૂના ડીસા નજીકથી જીપ ડાલામાં વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૮

ડીસા તાલુકાના જૂનાડીસા નજીક શુક્રવારે રાત્રે ડીસા તાલુકા




પોલીસ પેટ્રોલીંગ દરમિયાન જીપડાલામાં ભરેલો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જેમાં તાલુકા પોલીસે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. જ્યારે બે શખ્સ ફરાર થઈ ગયા હતા. ડીસા તાલુકા પોલીસે જીપડાલુ અને વિદેશી દારૂ સહિત કુલ ૬,૮૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે ડીસા તાલુકાના જૂના ડીસા નજીક શુક્રવારે રાત્રે ડીસા તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન નંબર પ્લેટ વગરનું જીપડાલુ નીકળતાં પોલીસને શંકા જતાં પોલીસે રોંકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરની વિવિધ બ્રાન્ડની કુલ ૨૭૭૨ બોટલ મળી આવી હતી. જેમાં જીપડાલામાં બેઠેલા અમીનભાઈ મીર (રહે. નરોડા, તા. વડગામ) અને હમીરસિંગ અમીરસિંગ ઠાકોર (રહે. સામઢી, તા. પાલનપુર)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય બે ફરાર સખ્શો બચુજી ગલાલજી ઠાકોર (રહે. આસેડા, તા. ડીસા) અને શિવાભાઈ માળી (રહે. નોપાનગર, ડીસા) વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટનો ગુનો નોંધી રૂ. ૫,૩૨,૦૦૦નો વિદેશી દારૂ અને રૂ. ૧,૫૨,૦૦૦ની કિંમતના જીપડાલા સહિત કુલ રૂ. ૬,૮૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા તાલુકા ઈન્ચાર્જ પી. આઈ. યુ.બી. ધાખડાએ જણાવ્યું હતું કે, 'ડીસા તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન શંકાસ્પદ જીપડાલુ નીકળતા તેને રોકાવી તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી ડીસા તાલુકા પોલીસે જીપડાલુ અને વિદેશી દારૂ અને બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. જ્યારે ફરાર બે શખ્સોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.



### વડા ગામે ઢટોસણ હનુમાનજીનો મેળો ભરાશે

કાંકરેજ તાલુકાના વડા ગામે સ્થિત પૌરાણિક ટઢોસણ હનુમાન મંદિરે કાળી ચૌદશે ભવ્ય લોકમેળો ભરાશે. જેમાં હજારો ભાવિકો હનુમાન દાદાના દર્શન કરી તેમની પુજા અર્ચના કરશે. કાળીચૌદશના દિવસે વડા ગામના સમસ્ત ગ્રામજનો બંધ પાળી શોભાયાત્રા અને મેળામાં જોડાય છે. જે શોભાયાત્રા સમગ્ર ગામમાં ફરે છે. આ લોક મેળાને લઈ દાદા સેવા ગ્રુપના આયોજકો દ્વારા તમામ તૈયારી કરવામાં આવી છે.

## પાંથાવાડામાં ખુલ્લેઆમ ચાલતા દારૂ-જુગારના અડ્ડા : પ્રજા પરેશાન

પાલનપુર, તા. ૮

સરહદી જિલ્લા બનાસકાંઠાને અડીને આવેલા પડોશી રાજ્ય રાજસ્થાનમાંથી પ્રવેશતી પાંથાવાડા-ગુંદરી ચેકપોસ્ટ પર ફોલ્ડરીયાઓનું વર્ચસ્વ વધ્યું છે. જેને પગલે પાંથાવાડામાં ઠેર ઠેર દારૂ-જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. રાજ્યમાં દારૂબંધીનીવાતો પાંથાવાડામાં પોકળ સાબિત થતી હોય તેવું લાગી રહ્યું છે. પાંથાવાડામાં દારૂડીયાઓના ત્રાસથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. પોલીસ કુંભકર્ણ નિંદ્રામાંથી જાગીને બુટલેગરો સામે ક્યારે કાર્યવાહી કરશે તેની પ્રજાજનો રાહ જોઈ બેઠા છે.

ગુજરાતમાં દારૂબંધી છે. અન્ય રાજ્યમાંથી પ્રવેશતા વાહનોને ચેકપોસ્ટ પર ચેક કરવામાં આવે છે. ગુંદરી ચેકપોસ્ટ પર પોલીસના




ફોલ્ડરીયાઓનું રાજ છે. ફોલ્ડરીયા વિના રોકટોક વિના પોતાના સેટીંગવાળા ટેન્કરો, ટ્રકો, બિન્દાસ ગેરકાયદેસર રીતે ઘુસાડી દે છે. પાંથાવાડાનો વિકાસ વધી રહ્યો છે. ત્યારે સાથોસાથ અનૈતિક પ્રવૃત્તિઓ પણ વધી રહી છે. પાંથાવાડાના માર્કેટ રોડ, મંડારરોડ સહિતના રોડ પરથી હાઈવે હોટલો પર દારૂનો વેપલો કરવામાં આવે છે. બુટલેગરો પાસેથી પોલીસ તગડી રકમ પડાવતી હોવાથી કોઈ પગલા ભરતી નથી તેવું પાંથાવાડાના નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.







### બિહારમાં મહાગઠબંધનનો વિજય થતા પ્રાંતિજ કોંગ્રેસ દ્વારા ફટાકડા ફોડી ઉજવણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બિહારનું ચુંટણી પરિણામ જાહેર થતાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએની હાર થતાં પ્રાંતિજમાં કોંગ્રેસ કાર્યકરોએ ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી. બિહારમાં મહાગઠબંધનનો વિજય થતાં પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો તથા પ્રાંતિજ તલોદના ધારાસભ્ય દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રામભાઈ, અનીલભાઈ પટેલ, મણીભાઈ પટેલ, રસિકભાઈ પટેલ વગેરે કોંગ્રેસ કાર્યકરોએ ઉપસ્થિત રહી ફટાકડા ફોડી ખુશી વ્યકત કરી હતી.

### અરવલ્લીના ભૂમિપુત્રો બટાકાના પોષણક્ષમ ભાવ ન મળતા છતાં જોખમ ખેડી પુનઃ વાવેતર તરફ

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો રોજીંદી ખેતીની સાથે સાથે પોતાની જમીનમાં નીતનવા પ્રકારની અને રોકડીયા પાકની ખેતી તરફ ધ્યાન પરોવ્યુંછે. અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોને સરકારની ખેડૂતો પ્રત્યેની પોષણક્ષમ ભાવની ઉદાસીનતાના લીધે હાલત કફોડી બની હતી. ગત વર્ષે જિલ્લાના ભૂમિપુત્રોએ બટાકાની ખેતીની વાવણી મોટા પ્રમાણમાં મબલખ ઉત્પાદન મેળવવામાં સફળ રહ્યા હતા. પરંતુ બટાકાના ભાવ તળિયે જતા અને ખરીદદારો ન મળતા ન છૂટકે ખેડૂતોએ બટાકા ગૌચર અને ખુલ્લી જગ્યામાં ફેંકી દીધા હતા.ત્યારે ચાલુ સાલે જિલ્લાના ભૂમિપુત્રોએ બટાકાના ભાવમાં તેજી હોવાથી જોખમ ભરેલ બટાકાના પાકની તડામાર તૈયારીઓ આદરી મોંઘાદાટ બટાકાના બિયારણની ખરીદી કરી વાવેતર શરૂ કરી દીધું છે.

## રતનપુરની સીમમાં અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૮

ઈડર તાલુકાના રતનપુર ગામની સીમમાંથી શુક્રવારે પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહને બાઈક નં. જીજે.૧૮.ક્યુ.૧૨૮૨ને ટક્કર મારતા બાઈક ચાલક જયંતિજીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તેમજ બાઈક પાછળ બેઠેલ રાજુસિંહને પણ ઈજા થઈ હતી.

ત્યારબાદ અજાણ્યો વાહનચાલક અકસ્માત કરીને ભાગી ગયો હતો. જે અંગે ઈડર તાલુકાના ખાસ્કી ગામના રમણજી મોહનજી મકવાણાએ અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



ધાનેરાની ઓવાધ રેઈન્બો પ્લે સ્કૂલમાં નાના-નાના ભુલકાઓએ દિવાળીની ઉજવણી કરી હતી. ભુલકાઓ વિવિધ અવનવા વસ્ત્રો પહેરી ઉજવણીમાં ભાગ લીધો.

## આજથી મજરા ગામે દિપાવલી મહોત્સવનો પ્રારંભ થશે

હિંમતનગર, તા. ૮

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ નજીક આવેલ મજરા ગામે સોમવારે ધનતેરસના દિવસથી દિપાવલી મહોત્સવનો પ્રારંભ થશે. જે અંતર્ગત ગામમાં આવેલ સહકારી સંસ્થાઓ અને બેંકની ઈમારતને રોશનીથી શણગારવામાં આવ્યા છે. આ અંગે ગ્રામજનોના જણાવ્યા મુજબ દર વર્ષે ધનતેરસથી ભાઈબીજ સુધી મજરામાં આવેલ ભૈરવદાદાના મંદિરે લોકો ફૂલોના ગરબા મુકે છે. જે અંતર્ગત આ વર્ષે પણ ૧૦૦થી વધુ શ્રદ્ધાળુઓ સોમવારે ફુલારા ગરબા મુકશે. ઉપરાંત દિપાવલી મહોત્સવ દરમિયાન દાતાઓ દ્વારા ૧૦૦થી વધુ તેલના ડબ્બા દાનમાં અપાયા છે. જેથી આ તેલથી ૫ હજારથી વધુ દીવડાઓ મહોત્સવ દરમિયાન ઝળહળતા રહેશે. જે અંતર્ગત ધનતેરસના દિવસે ભૈરવદાદાની મશાલ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. જેમાં આસપાના વિસ્તારમાંથી દર વર્ષની જેમ આ વર્ષે પણ અનેક શ્રદ્ધાળુઓ આવી પૂજા-અર્ચના કરી દર્શનનો લાભ લેશે.





## ડીસાના પેછડાલ ગ્રામજનો દ્વારા સંપૂર્ણ દારૂબંધીનો સંકલ્પ

ડીસાના પેછડાલ ગામે શ્રી આગમાતા નવ યુવક મંડળ તથા ગ્રામજનો દ્વારા ગામમાં સંપૂર્ણ દારૂબંધી કરતાં સમગ્ર પંથકમાં પેછડાલ ગ્રામજનોની વાહવાહ થવા લાગી છે. ગામમાં દારૂ વેચનાર સામે કાયદાકીય તથા ગ્રામજનો દ્વારા કડક પગલાં ભરવા પણ નક્કી કરવામાં આવ્યું છે. પેછડાલ ગામે વ્યસનમુક્તિ ગામ બનાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પેછડાલ ગામમાં સંપૂર્ણ ગામ દારૂ મુક્ત ગામ બને તે માટે પ્રયાસો હાથ ધરાયા હતા. જેમાં શ્રી આગમાતા નવયુવક મંડળ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં વડીલો તથા બહેનોએ પણ સાથ સહકાર આપ્યો હતો. જેથી તેને વેગ મળતાં રાત્રે ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યના પ્રમુખ રાજન ચૌધરી, સસ્તાવીસ આંજણા સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ ચૌધરી, હાઈકોર્ટના એડવોકેટ દેવદાસભાઈ ચૌધરી, બનાસબેંકના એમ.ડી. માધાભાઈ ચૌધરી સહીત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને તેમની સાક્ષીએ તથા આગમાતાની સાક્ષીએ ગ્રામજનોએ ગામમાંથી દારૂને દેશવટો આપવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. જે દારૂ વેચતો પકડાશે તેને ૧૦ હજારનો દંડ અને પોલીસને જાણ કરી જેલના હવાલે કરાવવો તેમજ જે પીધેલો જોવા મળે તેને જાહેરમાં લાવીને ખુલ્લો પાડવા માટે નિયમો કરાયા હતા. આ પ્રસંગે કેસાજી ચૌહાણે જણાવ્યું હતું કે જ્યારે સમગ્ર ગામ અને યુવા ટીમ મદદે આવી છે ત્યારે ૧૦૦ ટકા ગામમાં સુધારા આવશે અને આ પેછડાલમાં દારૂને દેશવટો આપ્યાનો આજુબાજુના ગામોમાં પણ સુધારા જરૂર આવશે. તેમજ હાઈકોર્ટના એડવોકેટ દેવદાસભાઈ ચૌધરીએ પણ દારૂ બાબતે પોતાનું સુંદર પ્રવચન આપ્યું હતું અને યુવા ટીમને બીરદાવી હતી.